M: 8000552424

લાખો લોકોમાં લોકો ધ્વારા લોકો માટે લોકોમાં લોકપ્રિય અમદાવાદ થી દર શુક્રવારે પ્રસિદ્ધ થતું નીડર અને નિષ્પક્ષ એકમાત્ર સાપ્તાહિક

E-mail lokprakashweekly@yahoo.co.in

# લોકપ્રકાશ

સાપ્તાહિક Ahmedabad

Happy મહા શિવરાત્રિ

તંત્રી: ઉજ્જવલકુમાર દવે
J.N.J

Registerd under Registration Number of the Newspaper For India (RNI) No. 70556/1996. Permitted to post at Ahd. PSO on FRIDAY Every Week under Postal Regd. No. GAMC - 1171/ 2024 - 2026 issued by SSP Ahd. Post valid up to 31.12.2026.

મે.તંત્રી: દિપાવલી દવે

વર્ષ: ૨૯ સળંગ અંક :૧૪૬૪ અંક: ૦૭ કુલ પાના : ૪ તા.૦૮.૩.૨૦૨૪ છુટક નકલ રૂ.૧ પ્રકાશન સ્થળ: બી-૧૨, શ્રી પ્રકાશ સોસાયટી, બંગ્લા સ્ટેન્ડ, નરોડા, અમદાવાદ - ૩૮૨૩૩૦ M: 9825489908

## શાન્ત પદ્માસનસ્થં શશધરમુકુટ પગ્ચવકત્રં ત્રિનેત્રં શૂલં વજં ચ ખગં પરશુમભયદં દક્ષભાગે વહન્તમ્ ।
## નાગં પાશં ચ ઘટાં પ્રલયહુતવહં સાફકુશં વામભાગે નાનાલડ્કારયુક્ત સ્ફટિકમણિનિભં પાર્વતીશં નમામિ ॥

**‘જેઓ શાંતસ્વરૂપના છે, કમળના આસન પર વિરાજમાન છે, મસ્તક પર ચંદ્રમાનો મુગટ ધારણ કરનારા છે, જેમનાં પાંચ મુખો છે, ત્રણ નેત્રો છે, જેઓ પોતાની જમણી બાજુની ભુજાઓમાં શૂળ, વજ, ખડ્ગ, પરશુ અને અભયમુદ્રા ધારણ કરે છે તથા ડાબી બાજુની ભુજાઓમાં સર્પ, પાશ, ઘંટ, પ્રલયાનિ અને અંકુશ ધારણ કરી રાખે છે, એ અનેક જાતના અલંકારોથી યુક્ત તથા સ્ફટિકમણિ જેવા શ્વેતવર્ણના ભગવાન પાર્વતીપતિને હું નમસ્કાર કરું છું.’**

શિવ-તત્ત્વ ઘણું ગહન છે. મારા જેવા સાધારણ વ્યક્તિનું આ તત્ત્વ પર કંઈ લખવું એક રીતે બાલિશતા સમાન છે. પણ એ બહાને એ વિજ્ઞાનાનંદઘન મહેશ્વરની ચર્ચા થઈ જશે, એમ સમજીને પોતાના નિજાનંદ ખાતર કંઈક લખી રહ્યો છું. વિદ્વાન મહાનુભાવો ક્ષમા કરે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ વગેરેમાં સૃષ્ટિની ઉત્પત્તિનું જુદા જુદા પ્રકારે વર્ણન મળે છે. આ બાબતે તો એવું કહી શકાય છે કે જુદા જુદા ઋષિઓના અલગ અલગ મત હોવાને કારણે એમનાં વર્ણનોમાં ભેદ હોવાનો સંભવ છે, પણ પુરાણો તો અઢારેય એક જ મહર્ષિ વેદવ્યાસના રચેલાં માનવામાં આવે છે, એમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિના વર્ણનમાં વિભિન્નતા જ ોવા મળે છે. શૈવપુરાણોમાં શિવમાંથી, વૈષ્ણવપુરાણોમાં વિષ્ણુ, કૃષ્ણ કે રામમાંથી અને જણાવવામાં આવી છે, આનું શું કારણ છે? એક જ પુરુષ દ્વારા રચાયેલાં જુદાં જુદાં પુરાણોમાં એક જ ખાસ વિષયમાં આટલો ભેદ કેમ? સૃષ્ટિના વિષયમાં જ નહીં, ઈતિહાસો અને કથાઓનો પણ પુરાણોમાં ક્યાંક ક્યાંક સાવ ભેદ જોવા મળે છે. આનું શું કારણ છે?

આ પ્રશ્ન પર મૂળ તત્ત્વ તરફ લક્ષ રાખીને ગંભીરતાપૂર્વક વિચાર કરતાં એ સ્પષ્ટ જણાઈ આવે છે કે સૃષ્ટિની ઉત્પત્તિના ક્રમમાં ભિન્ન ભિન્ન શ્રુતિ, સ્મૃતિ અને ઈતિહાસ-પુરાણોનાં વર્ણનોમાં તેમ જ યોગ, સાંખ્ય, વેદાંત વગેરે શાસ્ત્રોના રચયિતા ઋષિઓનાં કથનોમાં ભેદ રહેવા છતાં પણ વાસ્તવમાં મૂળ સિદ્ધાંતમાં કશો ખાસ ભેદ નથી. કેમકે, લગભગ સૌ કોઈ નામ—રૂપ બદલીને આદિમાં પ્રકૃતિ-પુરુષથી જ સૃષ્ટિની ઉત્પત્તિ જણાવે છે. વર્ણનમાં ભેદ હોવાનાં અથવા ભેદ જણાવાનાં નીચે લખેલાં ઘણાં કારણો છે.

(૧) મૂળ-તત્ત્વ એક હોવા છતાં પણ દરેક મહાસર્ગના આદિમાં સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ સદા એક જેવો નથી રહેતો; કેમકે, વેદ, શાસ્ત્રો અને પુરાણોમાં જુદા જુદા સર્ગ અને મહાસર્ગોનું વર્ણન છે, એટલે વર્ણનમાં ભેદ હોવો સ્વાભાવિક છે. (૨) મહાસર્ગ અને સર્ગના આદિમાં પણ ઉત્પત્તિ-ક્રમમાં ભેદ રહે છે. ગ્રંથોમાં ક્યાંક મહાસર્ગનું વર્ણન છે તો ક્યાંક સર્ગનું, એ કારણે પણ ભેદ થઈ જાય છે. (૩) દરેક સર્ગના આદિમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ સદા એક જેવો નથી રહેતો, એ પણ ભેદ હોવાનું એક કારણ છે. (૪) સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન અને સંહારના ક્રમનું રહસ્ય ઘણું સૂક્ષ્મ અને જાણવું અઘરું છે, એને સમજાવવા માટે અનેક પ્રકારનાં રૂપકોથી ઉદાહરણ વાક્યો દ્વારા નામરૂપ બદલીને જુદી જુદી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ વગેરેનું રહસ્ય જણાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ તાત્પર્યને ન સમજવાને કારણે પણ એક કરતાં બીજા ગ્રંથના વર્ણનમાં ખાસ ભેદ જણાઈ આવે છે.

આ તો સૃષ્ટિની ઉત્પત્તિ વગેરેની બાબતમાં વેદ-શાસ્ત્રોમાં ભેદ હોવાનાં કારણો છે. હવે પુરાણોની બાબતમાં વિચાર કરવાનો છે. પુરાણોની રચના મહર્ષિ વેદવ્યાસજીએ કરી. વેદવ્યાસજી ઘણા મોટા તત્ત્વદર્શી વિદ્વાન અને સૃષ્ટિનાં સઘળાં રહસ્યોને જાણનારા મહાપુરુષ હતા. એમણે જોયું કે વેદ-શાસ્ત્રોમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ વગેરે બ્રહ્મનાં અનેક નામોનું વર્ણન હોવાથી વાસ્તવિક રહસ્યને નહીં સમજીને પોતપોતાની રુચિ અને બુદ્ધિની વિચિત્રતાને કારણે માણસો આ જુદાં જુદાં નામ-રૂપ ધરાવતા એક જ પરમાત્માને અનેક માનવા માંડયા છે અને અનેક મત-મતાંતરોનો વિસ્તાર હોવાથી અસલ તત્ત્વનું લક્ષ્ય જતું રહ્યું છે. આ સ્થિતિમાં એમણે સૌને એક જ પરમ લક્ષ્ય તરફ વાળીને સર્વોત્તમ માર્ગ પર લાવવા માટે તેમજ શ્રુતિ, સ્મૃતિ વગેરેનું રહસ્ય સ્ત્રી, શૂદ્ર વગેરે અલ્પબુદ્ધિના માણસોને સમજાવવા માટે એ સૌના હિતના ઉદેશ્યથી પુરાણોની રચના કરી. પુરાણોની રચનાશૈલી જોવાથી જણાય છે કે મહર્ષિ વેદવ્યાસજીએ એમાં એ જાતનાં વર્ણન, ઉપદેશ અને આદેશ કર્યા છે કે જેમના પ્રભાવથી પરમેશ્વરનાં અનેક પ્રકારનાં નામ અને રૂપોને જોઈને પણ માણસ પ્રમાદ, લોભ અને મોહને વશીભૂત થઈ સન્માર્ગનો ત્યાગ કરીને અવળા માર્ગે ન જઈ શકે. તેઓ કોઈ પણ નામરૂપે પરમેશ્વરની ઉપાસના કરતાં કરતાં પણ સન્માર્ગે ટકી રહી શકે છે. બુદ્ધિ અને રુચિ-વૈચિત્ર્યને કારણે સંસારમાં જાત-જાતના દેવતાઓની ઉપાસના કરનારા જનસમુદાયને એક જ તાંતણે બાંધીને એમને સન્માર્ગે વાળી દેવાના ઉદેશ્યથી જ શાસ્ત્ર અને વેદોક્ત દેવતાઓને ઈશ્વરત્વ આપીને જુદાં જુદાં પુરાણોમાં જુદા જુદા દેવતાઓ દ્વારા જુદી જુદી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો ક્રમ જણાવવામાં આવ્યો છે. આમાં પણ જીવો પર મહર્ષિ વેદવ્યાસજીની પરમ કૃપા છે. એમણે સૌને માટે પરમધામ પહોંચવાનો માર્ગ સરળ કરી દીધો. પુરાણોમાં એ સિદ્ધ કરી દીધું છે કે જે માણસ ભગવાનના જે નામ-રૂપનો ઉપાસક - હોય એ એને જ સર્વોપરિ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વવ્યાપી, સંપૂર્ણ ગુણાધાર, વિજ્ઞાનાનંદઘન - પરમાત્મા માને અને એને જ સૃષ્ટિની ઉત્પત્તિ, - પાલન અને સંહાર કરનારા બ્રહ્મા, વિષ્ણુ, - મહેશના રૂપે પ્રગટ થઈને ક્રિયા કરનાર સમજે. = ઉપાસક માટે આવું જ સમજવું પરમ લાભદાયક અને સર્વોત્તમ છે કે મારા ઉપાસ્ય દેવથી વધીને - બીજું કોઈ છે જ નહીં. સર્વ કાંઈ એનો જ લીલા- - વિસ્તાર કે વિભૂતિ છે.

વાસ્તવમાં વાત પણ આ જ છે. એક - નિર્વિકાર, નિત્ય, વિજ્ઞાનાનંદઘન પરબ્રહ્મ - પરમાત્મા જ છે. એમના જ કોઈ અંશમાં પ્રકૃતિ - છે. એ પ્રકૃતિને જ લોકો માયા, શક્તિ વગેરે - નામોથી ઓળખે છે. એ માયા ઘણી વિચિત્ર ★ છે. એને કોઈ અનાદિ, અનંત કહે છે તો કોઈ = અનાદિ, સાંત માને છે; કોઈ એ બ્રહ્મની શક્તિને- બ્રહ્મથી અભિન્ન માને છે તો કોઈ ભિન્ન જણાવે પ છે, કોઈ સત્ કહે છે તો કોઈ અસત્ પ્રતિપાદન ૬ કરે છે. વાસ્તવમાં માયા વિશે જે કંઈ પણ . કહેવામાં આવે છે, માયા એનાથી વિલક્ષણ છે. કેમકે એને ન તો અસત્ કહી શકાય એમ છે કે ન સત્. અસત્ એટલા માટે નથી કહી શકતા કે એનું વિકૃત રૂપ એવો આ સંસાર (ભલે એ ગમે તે રૂપે કેમ ન હોય) પ્રત્યક્ષ જણાઈ આવે છે અને સત્ એટલા માટે નથી કહી શકતા કે જડ દશ્ય સાવ પરિવર્તનશીલ હોવાને લીધે એની નિત્ય સમ સ્થિતિ નથી જોવા મળતી તેમ જ્ઞાન થયા પછીના સમયમાં એનો કે એના સંબંધનો સાવ અભાવ પણ જણાવવામાં આવ્યો છે અને જ્ઞાનીનો ભાવ જ અસલ ભાવ છે. માટે એને અનિર્વચનીય સમજવી. વિજ્ઞાનાનંદઘન પરમાત્માનાં વેદોમાં બે સ્વરૂપ માનવામાં આવ્યાં છે. પ્રકૃતિરહિત બ્રહ્મને નિર્ગુણ બ્રહ્મ કહેવામાં આવ્યું છે અને જે અંશમાં પ્રકૃતિ ` ત્રિગુણમયી માયા છે એ પ્રકૃતિસહિત બ્રહ્મના અંશને સગુણ કહે છે. સગુણ બ્રહ્મના પણ બે ભેદો માનવામાં આવ્યા છે - એક નિરાકાર, બીજો સાકાર. એ નિરાકાર, સગુણ બ્રહ્મને જ મહેશ્વર, પરમેશ્વર વગેરે નામોથી પોકારવામાં આવે છે.

એ જ સર્વવ્યાપી, નિરાકાર, સૃષ્ટિકર્તા પરમેશ્વર સ્વયં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણે રૂપોમાં પ્રગટ થઈને સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન અને સંહાર જેવા થયેલા પરાત્પર, પરબ્રહ્મ પરમાત્માને જ શિવના ઉપાસકો સદાશિવ, વિષ્ણુના ઉપાસકો મહાવિષ્ણુ અને શક્તિના ઉપાસકો મહાશક્તિ વગેરે નામોથી પોકારે છે. શ્રીશિવ, વિષ્ણુ, બ્રહ્મા, શક્તિ, રામ, કૃષ્ણ વગેરે સૌના વિશે આવાં પ્રમાણો મળે`. શિવના ઉપાસકો નિત્ય વિજ્ઞાનાનંદઘન નિર્ગુણ બ્રહ્મને સદાશિવ, સર્વવ્યાપી, નિરાકાર; સગુણ બ્રહ્મને મહેશ્વર; સૃષ્ટિને ઉત્પન્ન કરનારને બ્રહ્મા; પાલનકર્તાને વિષ્ણુ અને સંહારકર્તાને રુદ્ર કહે છે અને આ પાંચેય શિવનું રૂપ છે એમ જણાવે છે. ભગવાન વિષ્ણુ પ્રત્યે ભગવાન મહેશ્વર કહે છે- ત્રિધા ભિન્નો હ્યહં વિષ્ણો બ્રહ્મવિષ્ણુહરાખ્યયા। સર્ગરક્ષાલયગુણૌર્નિષ્કલોડપિ સદા ???? ? યથા ચ જ્યોતિષઃ સડ્ગાજલાદેઃ સ્પર્શતા ન વૈ। તથા મમાગુણસ્યાપિ સંયોગાબંધનં ન હિ. યથૈકસ્યા મૃદો ભેદો નામ્નિ પાત્રે ન વસ્તુતઃ। યથૈકસ્ય સમુદ્રસ્ય વિકારો નૈવ વસ્તુતઃ એવં જ્ઞાત્વા ભવર્દ્યા ચ ન દશ્ય ભેદકારણમ્ વસ્તુતઃ સર્વદેશ્ય ચ શિવરૂપં તં મમ. અહં ભવાનયં ચૈવ રુદ્રોડયં યો ભવિષ્યતિ। એકં રૂપં ન ભેદોડસ્તિ ભેદે ચ બન્ધનં ભવેત્ તથાપીહ મદીયં વૈ શિવરૂપં સનાતનમ્ મૂલભૂતં સદા પ્રોક્ત સત્યં જ્ઞાનમનન્તકમ્? (શિવપુરાણ જ્ઞાન. ૪/ ૪૧, ૪૪, ૪૮-૫૧)

‘હે વિષ્ણો! હે હરે!! હું સ્વભાવે નિર્ગુણ હોવા છતાં પણ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ તેમજ પ્રલય માટે રજ, સત્ત્વ વગેરે ગુણોથી ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એ નામો દ્વારા ત્રણ રૂપોમાં વિભક્ત થઈ રહ્યો છું. જે રીતે જળ વગેરેના સંસર્ગથી એટલે કે એમાં પ્રતિબિંબ પડવાથી સૂર્ય વગેરે જ્યોતિઓમાં એનો સંપર્ક નથી હોતો, એ જ રીતે મુજ નિર્ગુણનું પણ ગુણોના સંયોગથી બંધન નથી થતું. માટીનાં અનેક જાતનાં પાત્રોમાં કેવળ નામ અને આકારનો જ ભેદ છે, વાસ્તવિક ભેદ નથી - એકમાત્ર માટી જ છે.

સમુદ્રના પણ ફીણ, પરપોટા, તરંગો વગેરે વિકાર લક્ષિત થાય છે, વાસ્તવમાં સમુદ્ર એક જ છે. એમ સમજીને આપ સૌએ ભેદનું કોઈ કારણ ન જોવું જોઈએ. વાસ્તવમાં સઘળા દશ્ય પદાર્થો શિવરૂપ જ છે, આવો મારો મત છે.

હું, આપ, આ બ્રહ્માજી અને આગળ જતાં મારી જે રુદ્રમૂર્તિ ઉત્પન્ન થશે આ બધાં એકરૂપ જ છે, એમનામાં કશો। ૯ ભેદ નથી.

ભેદ જ બંધનનું કારણ છે. છતાં પણ ને અહીં મારું આ શિવરૂપ નિત્ય, સનાતન તેમજ સૌનું મૂળસ્વરૂપ કહેવાયું છે. આ જ સત્ય, જ્ઞાન તેમજ અનંતરૂપ ગુણાતીત પરબ્રહ્મ છે.



íkºke ÷¾......

## શાસ્ત્ર અને તત્ત્વવેત્તા

કોઈ શ્રદ્ધાળુ પુરુષ સામે પણ વાસ્તવિક દષ્ટિએ મહાપુરુષો એવું કહી નથી શકતા કે 'મને જ્ઞાન પ્રાપ્ત થયેલું છે,' કેમકે આ શબ્દોથી જ્ઞાનમાં દોષ આવે છે. વાસ્તવમાં પૂર્ણ શ્રદ્ધાળુથી તો મહાપુરુષ સામે એવો પ્રશ્ન જ નથી થઈ શકતો કે 'તમે જ્ઞાની છો કે નહીં?' જ્યાં એવો પ્રશ્ન કરવામાં આવે છે ત્યાં શ્રદ્ધામાં ઊણપ જ સમજવી જોઈએ અને મહાપુરુષને આવો પ્રશ્ન કરવામાં પ્રશ્નકર્તાને થોડી-ઘણી હાનિ જ થાય છે. જો મહાપુરુષ એમ કહી દે કે હું જ્ઞાની નથી તો પણ

શ્રદ્ધા ઘટી જાય છે અને જો એ એમ કહી દે કે હું જ્ઞાની છું તો પણ એના મોઢેથી આવા શબ્દો સાંભળીને શ્રદ્ધા ઓછી થઈ જાય છે. વાસ્તવમાં તો હું અજ્ઞાની છું કે જ્ઞાની—એ બેમાંથી કોઈ પણ વાત કહેવી એ મહાપુરુષ માટે શક્ય નથી; જો એ પોતાને અજ્ઞાની કહે તો મિથ્યાપણાનો દોષ આવે છે અને જ્ઞાની કહે તો નાનાત્વનો. માટે એ એમ પણ નથી કહેતો કે હું બ્રહ્મને જાણું છું અને એમ પણ નથી કહેતો કે હું નથી જાણતો. એ બ્રહ્મને જાણે છે એવું પણ એનાથી નથી કહી

દૂર કરવાનું સાધન કરવું જોઈએ, ચોક્કસ એ લોકોએ, જે લોકો આ ભૂલમાં છે. જે આ ભૂલને માને છે એના માટે તો આ અનાદિકાળથી છે. એવું કહેવામાં આવે છે કે અનાદિકાળથી અસ્તિત્વ ધરાવતી વસ્તુનો અંત નથી હોતો. પણ એ બરાબર નથી; કેમકે ભૂલ તો દૂર થનારી જ હોય છે, જો ભૂલ છે તો એનો અંત પણ જરૂરી છે. જો એમ માનવામાં આવે કે એ સાન્ત નથી તો કોઈનેય 'પ્રાપ્તિ' નથી થઈ શકતી. માટે એ અનાદિ અને સાન્ત ચોક્કસ છે. જો એમ માનવામાં આવે કે એ ભૂલ અનાદિકાળથી નહીં પણ પાછળથી થઈ છે, તો એમાં ત્રણ દોષ આવે છે – પહેલો એ

કે 'પ્રાપ્ત' પુરુષોનો ફરી ભૂલમાં પડવાનો સંભવ છે, બીજો એ કે સૃષ્ટિકર્તા ઈશ્વર પર દોષ આવે છે અને ત્રીજો નવા જીવો બનવાનો સંભવ રહે છે. આ કારણે એ અનાદિ અને સાન્ત જ સિદ્ધ થાય છે. વાસ્તવમાં કાળની કલ્પના પણ માયામાં જ છે, કેમકે બ્રહ્મ તો શુદ્ધ અને કાલાતીત છે. વેદ, શાસ્ત્ર અને તત્ત્વવેત્તા મહાપુરુષોનું પણ

એમ કહેવું છે કે એક શુદ્ધ બોધ જ્ઞાનસ્વરૂપ પરમાત્મા બ્રહ્મ સિવાય બીજું કશુંય નથી; પણ કોઈ પણ વ્યક્તિ દ્વારા 'સંસાર અસત્ છે' એમ કહેવું ઉચિત નથી, કેમકે વાસ્તવમાં એમ કહેવાનું શક્ય નથી. સંસારને અસત્ માનવાથી સંસારના રચયિતા સૃષ્ટિકર્તા ઈશ્વર, વિધિ-નિષેધાત્મક શાસ્ત્ર, લોક-પરલોક અને પાપ-પુણ્ય વગેરે સઘળાં વ્યર્થ ઠરે છે અને એમને વ્યર્થ કહેવાં કે માનવાં એ અનધિકારની વાત છે. જે વાસ્તવિકતામાં શુદ્ધ બ્રહ્મ સિવાય અન્યનો આત્યન્તિક અભાવ છે એમાં તો કશું કહેવાનું શક્ય નથી, , કહેવાનું પણ ત્યાં જ શક્ય છે કે જ્યાં અજ્ઞાન છે. અને જ્યાં કહેવાનું શક્ય છે ત્યાં સૃષ્ટિના રચયિતા, સંસાર અને શાસ્ત્ર વગેરે બધું સત્ય છે અને એ બધાંને સત્ય માનીને જ શાસ્ત્રાનુકૂળ આચરણ કરવું જોઈએ. સાત્ત્વિક આચરણ અને ભગવાનની વિશુદ્ધ ભક્તિથી અંતઃકરણની શુદ્ધિ થતાં જે સમયે ભ્રમ દૂર થઈ જાય છે એ જ વખતે સાધક કૃતકૃત્ય । થઈ જાય છે. આ જ પરમાત્માની પ્રાપ્તિ છે.

## અરવલ્લી જિલ્લાના બાયડમાં વિભાગીય નાયબ પોલીસ અધિક્ષકની કચેરી શરુ કરવામાં આવી

અરવલ્લી,

અરવલ્લી જિલ્લો બોર્ડર વિસ્તારનો જિલ્લો છે. આ વિસ્તારમાં ચોરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું પ્રમાણ અન્ય જિલ્લા કરતા વધારે રહી શકે છે. જેને લઈ અહીં બોર્ડર વિસ્તારની પ્રવૃત્તિઓ પર નજર સતત રાખવી જરુરી છે. આ માટે જિલ્લા પોલીસ સતત સતર્ક રહે એ જરુરી છે. આવી સ્થિતિમાં હવે વિભાગીય નાયબ પોલીસ અધિક્ષકની વર્તમાન જવાબદારીને બે હિસ્સામાં વહેંચવાનો રાજ્યના ગૃહ વિભાગે નિર્ણય કર્યો હતો. રાજ્યના ગૃહ વિભાગે મોડાસા બાદ બાયડમાં પણ વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક કચેરી શરુ કરવા માટેનો નિર્ણય કર્યો હતો. જેને લઈ વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક કચેરીનું નિર્માણ કરવામાં આવી રહ્યુ હતુ. દરમિયાન અહીં કોઈ DySP અધિકારીની નિમણૂંક નહીં કરાતા કચેરી શરુ થવાની રાહ જોવાઈ રહી હતી. બાયડમાં નાયબ કલેકટરની કચેરી શરુ કરવામાં આવી ત્યારથી અહીં હ્રઅજ઼ૅ કચેરીની માંગ વર્તાઈ રહી હતી. આ માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો પણ કરવામાં આવી હતી. બાયડ ડિવિઝનની કચેરીની શરુઆત કરતા મંગળવારે ખુલ્લી મુકવામાં આવી હતી. મોડાસાDySPકેજે ચૌધરીએ રીબીન કાપીને કચેરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવા ડિવિઝન વિસ્તારના પોલીસ અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા. ડિવિઝનની શરુઆત થવાને લઈ તાબામાં આવતા પોલીસ મથક વિસ્તારોમાં હવે સુપરવિઝન કરવા માટે DySPસ્તરના અધિકારી સ્થાનિક સ્તરે હોવાને લઈ ગુનાઈત પ્રવૃતિઓ તેમજ કાયદો અને વ્યવસ્થાની પ્રવૃત્તિઓને અંકુશમાં



રાખવા માટે ત્વરીત પગલા ભરી શકાશે. જિલ્લામાં એક ડિવિઝનમાંથી વિભાજન કરીને બે પોલીસ ડિવિઝન શરુ કરવામાં આવતા, નવી વિભાગીય નાયબ પોલીસ અધિક્ષકનો ચાર્જ મોડાસા DySP કેજે ચૌધરીને સોંપવામાં આવ્યો છે. આમ કેજે ચૌધરી નવા હ્રઅજ઼ૅ અધિકારીની નિમણૂંક ના થાય ત્યાં સુધી ચાર્જ સંભાળશે. ટૂંક સમયમાં જ રાજ્યના ગૃહ વિભાગના દ્વારા બદલીઓનો તબક્કો આવનારો છે, જેમાં બાયડના નવા DySP ની નિમણૂંક થઈ શકે છે. આમ નવી નિમણૂંક સુધી DySP કેજે ચૌધરી ચાર્જ સંભાળશે. નવા ડિવિઝનમાં બાયડ પોલીસ મથક ઉપરાંત સાઠંબા, આંબલિયારા, ધનસુરા અને માલપુર પોલીસ સ્ટેશનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ બાયડ, માલપુર અને ધનસુરા તાલુકા વિસ્તારમાં આવતા પોલીસ મથકોનો સમાવેશ બાયડ ડિવિઝનમાં કરવામાં આવ્યો છે. અરવલ્લી જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ જિલ્લાના પોલીસ વિભાગ દ્વારા એક બાદ એક સુવિધાઓ વધારવાનો નિર્ણય ગૃહ વિભાગ કરી રહી છે. આ રીતે જ બે ડિવિઝન જિલ્લામાં અસ્તિત્વમાં આવ્યા છે. આમ જિલ્લામાં હવે હેડ ક્વાર્ટર, એસસી અને એસટી સેલ, મોડાસા વિભાગ બાદ હવે બાયડ વિભાગ શરુ થતા ચાર DySP સ્તરના અધિકારીઓ ફરજ બજાવશે.

## આગામી ૧૧ માર્ચથી શરૂ થતી ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાને લઈને જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓને ખાસ સૂચના

### જે વિદ્યાર્થીએ ફી ન ભરી હોય તેમની હોલ ટિકિટ અટકાવવામાં ન આવે તેવી તાકીદ કરી

ગાંધીનગર,

બોર્ડ પરીક્ષા દરમિયાન તેવા કિસ્સા સામે આવતા હોય છે કે જ્યાં જે વિદ્યાર્થીએ ફી ન ભરી હોય તેમની હોલ ટિકિટ અટકાવવામાં રાખી હોય છે. આ પ્રકારના શહેરી વિસ્તારમાં ૬ જેટલા કિસ્સા સામે આવ્યા છે. જે બાબતે શિક્ષણ વિભાગ દ્વારા સૂચના આપી હોલ ટિકિટ અપાવવાની વ્યવસ્થા કરાઈ છે. સાથે સાથે કચેરી મારફતે જે શાળા આ પ્રકારે હોલ ટિકિટ રોકી રાખે તેને ખાસ તાકીદ કરીને વિદ્યાર્થીઓને હોલ ટિકિટ આપવા માટે પણ સૂચના આપી છે. આગામી ૧૧ માર્ચથી શરૂ થતી ધોરણ ૧૦અને ૧૨ બોર્ડની પરીક્ષાને લઈને જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓને ખાસ સૂચના આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં કુલ ૩૪૯ બિલ્ડિંગમાં ૧,૦૧,૩૫૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેમાં ધોરણ ૧૦ના ૫૮૬૯૧, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૯૪૯૩ અને સામાન્ય પ્રવાહના ૩૩૧૬૮




વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. બીજી તરફ અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં ૨૬૧ કેન્દ્રો પર ૭૭૮૩૦ વિદ્યાર્થી પરીક્ષા આપશે. જેમાં ધોરણ ૧૦ ના ૪૭૧૯૦, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૬૪૬૦ અને સામાન્ય પ્રવાહના ૨૪૧૮૦વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. ગ્રામ્ય વિસ્તારમાં ખાસ પરીક્ષા કેન્દ્રો પર આરોગ્ય વિભાગની મદદથી એક કીટ પણ આપવામાં આવશે. આ ફર્સ્ટ એડ કીટમાં આવતી પ્રાથમિક સારવાર માટે જરૂરી એવી દવાનો સમાવેશ થાય છે. પરીક્ષાની સૌથી મોટી બાબતે છે કે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં એક પણ સંવેદનશીલ પરીક્ષા કેન્દ્ર નથી. પરીક્ષાના તમામ કેન્દ્રો સીસીટીવીટી થી સજ્જ રાખવામાં આવશે. પરીક્ષા સાથે સંકળાયેલ કર્મચારીઓને તાલીમ પણ આપવાની કામગીરી પણ પૂર્ણ થઈ ગઈ છે. આ ઉપરાંત કલેકટરની અધ્યક્ષતામાં ટોરેન્ટ પાવર, છસ્જી , વાહન વ્યવહાર વિભાગ આરોગ્ય વિભાગ અને પોલીસ વિભાગ સાથે બેઠક કરી પરીક્ષાને ધ્યાને રાખી વિદ્યાર્થીઓના અગવડતા ન પડે, તેનું ખાસ સંકલન પણ કરવામાં આવ્યું છે.

## રાજ્ય માર્ગ સલામતી સત્તામંડળની ઉત્કૃષ્ટ કામગીરીના પરિણામે રાજ્યમાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટશેઃ- વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવી

### વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને રાજ્ય માર્ગ સલામતી પરિષદની બેઠક યોજાઈ ★મંત્રી શ્રી હર્ષ સંઘવીના સૂચનઃ- ★ 'રોડ સેફટી અવેરનેસ' તથા 'ગુડ સમરિટન'ને પ્રોત્સાહિત કરવાની કામગીરીને રેગ્યુલર પ્રેક્ટિસ બનાવીએ★ રાજ્યના દરેક શહેરમાં અને દરેક જિલ્લામાં એક હાઈવેની પસંદગી કરી તેને સલામતીની દષ્ટિએ મોડલ રોડ તરીકે વિકસાવીએ★ સરખેજ-ગાંધીનગર હાઈવે પર થતા અકસ્માતોને અટકાવવા વૈશ્વિક ટેકનોલોજી રબર સ્ટ્રીપ લગાવીએ માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવવા ઉત્કૃષ્ટ કામગીરી કરનારને 'ગુજરાત સ્ટેટ રોડ સેફટી એવોર્ડ' એનાયત કરાયા

ગાંધીનગર,

ગાંધીનગર ખાતે વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજ્ય માર્ગ સલામતી પરિષદની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય માર્ગ સલામતી સત્તામંડળની ઉત્કૃષ્ટ કામગીરીના પરિણામે આગામી સમયમાં રાજ્યમાં થતા માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડો આવશે. રાજ્યમાં થતા અકસ્માતોને અટકાવવા રાજ્ય સરકાર ટેકનોલોજીનો સુયોગ્ય ઉપયોગ કરશે.

મંત્રી શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત રોડ સેફટી ઓથોરીટી તથા સ્ટેક-હોલ્ડર વિભાગો દ્વારા રાજ્યમાં કેન્દ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ (NHAI), માર્ગ અને મકાન વિભાગ તથા શહેરી વિકાસ વિભાગના દ્વારા રાજ્યમાં વારંવાર અકસ્માત થતા હોય તેવા હાઈવે પરના બ્લેક સ્પોટ ઘટાડવામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી રહી છે.રાજ્યના મુખ્ય હાઈવે પરના બ્લેક સ્પોટને નીવારીને અકસ્માતમાં ઘટાડો લાવવા મંત્રીશ્રીએ સૂચન કર્યું હતું કે, દર વર્ષે રાજ્યના દરેક શહેરમાં અને દરેક જિલ્લામાં એક-એક બ્લેક સ્પોટ ધરાવતા હાઈવેની પસંદગી કરી તેને સલામતીની દષ્ટિએ મોડલ રોડ તરીકે વિકસાવવો જોઈએ. આ ઉપરાંત સરખેજ-ગાંધીનગર હાઈવે પર થતા અકસ્માતોને અટકાવવા માટે અનેક દેશોમાં તેમજ મુંબઈ, બેંગ્લોર જેવા શહેરોમાં અપનાવાઈ છે, તેવી રબર સ્ટ્રીપ લગાવવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતુ કે, આગામી દિવસોમાં નાગરિકોમાં હેલ્મેટ પહેરવા અંગે જાગૃતિ લાવવા માટેના રાજ્યવ્યાપી પ્રયત્નો હાથ ધરવામાં આવશે, જેથી અમૂલ્ય માનવ જીવન બચાવી શકાય. બાળકોના માતા-પિતા હેલ્મેટ પહેરવા બાબતે જાગૃત થાય તથા પોતાના બાળકોને હેલ્મેટ પહેરવાનો આગ્રહ રાખે તે માટે શાળાઓમાં જઈ જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરવા પણ જણાવ્યું હતુ.

મંત્રીશ્રીએ રાજ્યના અન્ય તમામ માર્ગો પર માર્ગ સલામતીને લગતા જરૂરી પગલા લેવા પર ખાસ ભાર મૂક્યો હતો. અકસ્માત પછી ઈજાગ્રસ્તોને તુરંત સારવાર મળી રહે તે માટે ગુડ સમારિટનને પ્રોત્સાહિત કરવાની કામગીરીને રેગ્યુલર પ્રેક્ટિસ બનાવવા જણાવ્યું હતું.

ગુજરાતમાં માર્ગ સલામતી તથા ટ્રાફિક નિયમ પાલનમાં જાગૃતિ લાવવા ઉત્કૃષ્ટ કામગીરી કરનારને વાહન વ્યવહાર મંત્રીશ્રીના હસ્તે વિવિધ કેટેગરીમાં "ગુજરાત સ્ટેટ રોડ સેફટી એવોર્ડ-૨૦૨૩' એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં

સ્વૈચ્છિક સંસ્થા કેટેગરીમાં નૈસર્ગિક ટ્રસ્ટ-બનાસકાંઠાને પ્રથમ તેમજ રોજર રેપો ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટને દ્વિતીય

ક્રમ એનાયત કરવામાં આવ્યો હતો. જ્યારે સીટી-ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કમિટી કેટેગરીમાં સિટી રોડ સેફટી કમિટી-સુરતે પ્રથમ ક્રમ, ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કમિટી-રાજકોટે દ્વિતીય ક્રમ અને ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કમિટી- બનાસકાંઠાએ તૃતીય ક્રમે પ્રાપ્ત કર્યો હતો.

આ બેઠકમાં સ્ટેટ રોડ સેફટી કાઉન્સિલની ગત બેઠકની કાર્યનોંધને બહાલી તથા રાજ્યમાં તાજેતરમાં થયેલ ગંભીર માર્ગ અકસ્માતો અને તેના તપાસણી અહેવાલ મુદ્દે ચર્ચા થઈ હતી. ઉપરાંત વર્ષ ૨૦૨૩ દરમ્યાન થયેલા માર્ગ અકસ્માતોના આંકડાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં બંદર અને વાહન વ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય, ગૃહ વિભાગના સચિવ શ્રી નીપુણા તોરવણે, શહેરી વિકાસ વિભાગના સચિવશ્રી, વાહન વ્યવહાર કમિશનરશ્રી, ગુજરાત રોડ સેફટી ઓથોરીટીના રોડ સેફટી કમિશનરશ્રી, પ્જીઇ઼ઝના ઉપાધ્યક્ષ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યાં હતાં.

## રાહુલ ગાંધીએ પણ ક્યારેય નહીં વિચાર્યું હોય કે ૩-૩ દાયકાથી કોંગ્રેસમાં રહેલાં આટલાં મોટા નેતા એક દિવસ ભાજપમાં જોડાઈ જશે

### કમલમ પર પાર્ટી જેવો માહોલ, તો કોંગ્રેસની ઓફિસ પર સન્નાટો

ગાંધીનગર,

રાહુલ ગાંધીએ પણ ક્યારેય નહીં વિચાર્યું હોય કે ૩-૩ દાયકાથી કોંગ્રેસમાં રહેલાં આટલાં મોટા નેતા એક દિવસ ભાજપમાં જોડાઈ જશે. પણ આ તો કહેવાય છેને, કે રાજનીતિમાં કંઈ પણ થઈ શકે. હાલ ગુજરાતની રાજનીતિમાં કોંગ્રેસ માટે આ અત્યાર સુધીનો સૌથી મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. કારણકે, એક સમયે ગુજરાત કોંગ્રેસના કેપ્ટન રહેલાં, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ રહેલાં અને ભાજપ અને પ્રધાનમંત્રી મોદીનો સૌથી વધુ વિરોધ કરનાર અર્જૂન મોઢવાડિયા આજે ભાજપમાં જોડાઈ ગયા છે. આ સાથે જ અમરેલી જિલ્લાના રાજુલાથી કોંગ્રેસના દિગ્ગજ નેતા એવા અંબરીષ ડેરે પણ ભાજપનો ખેસ ધારણ કરી લીધો છે. જ્યારે જામનગરથી મૂળૂ કંડોરિયા પણ ભાજપમાં જોડાઈ ગયાં છે. કમલમ પર આજે પાર્ટી જેવો માહોલ છે.. તો કોંગ્રેસની ઓફિસ પર સન્નાટો જોવા મળી રહ્યો છે. ભાજપમાં જોડાતાની સાથે અર્જૂન મોઢવાડિયાએ કહ્યુંકે, હું દાયકાઓ સુધી કોંગ્રેસમાં રહ્યો પણ ત્યાં મને ગુંગળામણ થતી હતી. ત્યાં લોકહિતની કોઈ વાત થતી નથી. મને પ્રધાનમંત્રી મોદીની કાર્યશૈલીમાં શ્રદ્ધા છે. હું કોઈપણ લોભ, લાલચ કે શરત વિના ભાજપમાં એક સામાન્ય કાર્યકર તરીકે જોડાયો છું. હાઈકમાન્ડ મને જે જવાબદારી સોંપશે હું તે નિભાવીશ. જ્યારે અંબરીષ ડેરે કહ્યુંકે, હું રાજકારણમાં લોકોની ભલાઈ માટે આવ્યો છું. મને લાગે છેકે, ભાજપમાં મને એ કામ કરવાની તક મળશે. હું પ્રધાનમંત્રી મોદીની કાર્ય પદ્ધતિ અને રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરાઈને જનહિત માટે રાષ્ટ્રહિત માટેની કાર્યો કરવા માટે ભાજપમાં જોડાઈ રહ્યો છું. કોંગ્રેસના પિલ્લર સમાન નેતાઓ છોડી રહ્યાં છે પાર્ટી. વર્ષો સુધી કોંગ્રેસ અને ગાંધીવાદી વિચારધારાની વાત કરનારા નેતાઓ હવે કરવા જઈ રહ્યાં છે કેસરિયા. આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયા તેમજ અંબરીષ ડેર બપોરે કેસરિયા કરશે. ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની હાજરીમાં આ નેતાઓ પોતાના સમર્થકો સાથે વિધિવત રીતે ભાજપમાં જોડાશે. ગુજરાતમાં ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભા ચૂંટણી કોંગ્રેસ પાર્ટીએ




પોતાનું સૌથી નિરાશાજનક પ્રદર્શન કરતા માત્ર ૧૭ સીટો જીતી હતી. પરંતુ હવે કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યા ઘટીને ૧૪ રહી ગઈ છે. કોંગ્રેસના ત્રણ ધારાસભ્ય રાજીનામા આપી ચુક્યાં છે. એટલે કે એક બાદ એક નેતા કોંગ્રેસ પાર્ટી છોડી રહ્યાં છે. રાહુલ ગાંધી ગુજરાત આવે તે પહેલાં જ કોંગ્રેસ પાર્ટીમાં ખળભળાટ મચી ગયો છે. ભારત જોડો ન્યાય યાત્રાથી રાહુલ ગાંધી દેશના લોકોને કોંગ્રેસ સાથે જોડવાના કરી રહ્યા છે, તો બીજી તરફ તેમની જ પાર્ટીના દિગ્ગજ નેતાઓ કોંગ્રેસને એક બાદ એક અલવિદા કહી રહ્યા છે. રાહુલ ગાંધી ૭ માર્ચે પોતાની ન્યાય યાત્રા લઈને ગુજરાત આવી રહ્યા છે. ત્યારે રાહુલ ગાંધી હજુ ગુજરાતમાં પ્રવેશે તે પહેલાં જ ગુજરાત કોંગ્રેસમાંથી એક બાદ એક એમ બે દિગ્ગજોએ કોંગ્રેસને અલવિદા કહ્યુ છે. સોમવારનો દિવસ જાણે કોંગ્રેસ માટે નિરાશા લઈને આવ્યો. કેમ કે એક જ દિવસમાં સૌરાષ્ટ્રના દિગ્ગજ ગણાતા બે નેતાઓએ કોંગ્રેસનો હાથ છોડી દીધો છે. સવારે રાજુલા વિધાનસભના પૂર્વ ધારાસભ્ય અમરિશ ડેરે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું, તો સાંજે પોરબંદરના ધારાસભ્ય અને કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ કોંગ્રેસને રામ રામ કરી દીધા છે. લોકસભા ચૂંટણી જાહેર થવાને હવે ગણતરીના જ દિવસ બાકી છે ત્યારે કોંગ્રેસ પાર્ટી માટે આ બે રાજીનામા બહુ મોટા ફટકા સમાન છે. કારણ કે અર્જૂન મોઢવાડિયા અને અમરિશ ડેર એક જાણીતા અને સક્રિય નેતાઓ છે. ત્યારે બંને તેનાઓના ભાજપમાં જવાથી કોંગ્રેસને મોટું નુકસાન અને ભાજપને ચોક્કસથી ફાયદો થવાનો છે. આખરે કોંગ્રેસના અર્જુને રાજકારણના પંજાને રામ રામ કહી દીધા છે. અને કોંગ્રેસ પાર્ટીમાંથી જવા માટે એક કારણ પણ રામનું આપ્યું છે. રાજીનામું આપનારા અર્જુન મોઢવાડિયાએ કહ્યુ કે રામ મંદિર મામલે કોંગ્રેસના સ્ટેન્ડને લઈને દુઃખી થયો હતો. રામ મંદિરના વિરોધથી કોંગ્રેસમાં ગૂંગળામણ અનુભવતા અર્જુન મોઢવાડિયા સીધા જ વિધાનસભા પહોંચ્યા, તો બીજી તરફ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પણ પોતાનો થરાદનો કાર્યક્રમ ટૂંકાવીને ગાંધીનગર આવી ગયા. જ્યાં કોંગ્રેસના દિગ્ગજ નેતા એવા અર્જૂન મોઢવાડિયાએ વિધાનસભાના અધ્યક્ષને રાજીનામું આપીને હંમેશા માટે કોંગ્રેસને રામ રામ કહી દીધા. ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીની સ્થિતિ દિવસેને દિવસે કથળી રહી છે. એક બાદ એક કોંગ્રેસને ફટકા લાગી રહ્યા છે. ત્યારે કોંગ્રેસને રામ રામ કરતા સમયે અર્જુન મોઢવાડિયાને કોંગ્રેસના નેતાઓને એક સલાહ પણ આપી છે. જેમાં તેમણે કહ્યુ કે મારા જેવા કાર્યકરો કેમ પાર્ટી છોડી રહ્યા છે, તે અંગે કોંગ્રેસે મંથન કરવાની જરૂર છે. અર્જુન મોઢવાડિયાની સાથે સાથે કોંગ્રેસને બીજો પણ એક ઝટકો લાગ્યો હતો. જેમાં સાંજે અર્જૂન મોઢવાડિયા રાજીનામું આપ્યું તો સવારે રાજુલા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસના દિગગજ નેતા અંબરીશ ડેરે પણ કોંગ્રેસને અલવિદા કહ્યુ છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે છેલ્લા બે વર્ષથી અમરિશ ડેરને ભાજપમાં જોડવાને લઈને સંકેત આપી રહ્યા હતા.

ત્યારે સી.આર.પાટીલે અમરિશ ડેરના અમદાવાદના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લેવા પહોંચતા, રાજીનામાની વાત ચર્ચાએ જોર પકડ્યુ હતું. ત્યારે સી.આર.પાટીલ અને અમરિશ ડેરની મુલાકાત બાદ અમરિશ ડેરે ભાજપમાં આવવાની ઓફરનો સ્વીકાર કર્યો અને કોંગ્રેસને અલવિદા કહી દીધુ.

## જીપીએસસીની પરીક્ષા આપનાર ઉમેદવારનાં લગ્ન હશે અથવા પ્રસુતિ હશે તો બીજી તારીખ મળશે

ગાંધીનગર,

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે એક મહત્વનો ચુકાદો આપ્યો હતો. એક ગર્ભવતી મહિલા કે જેને ગર્ભાવસ્થાને લઇને જીપીએસસીની પરીક્ષા અલગથી લેવાની ના પડાઈ



આ ો જ સ વે બ સા ઈ ટ ના મા ધ્ય મ થી ઓ ન લા ઈ ન અ ર જી ઓ મંગાવવામાં આવી હતી. જેની સીસીઈની પરીક્ષા હતી અને આ મહિલા હાઈકોર્ટ પહોંચી હતી. તે મુદ્દે હાઈકોર્ટે જીપીએસસીને આપેલા દિશાનિર્દેશ મુજબ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષાની તારીખે ઉમેદવારના લગ્ન, પ્રસૂતિ કે અન્ય પરીક્ષા હશે તો તેને અલગ તારીખ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે મળતી વિગતો મુજબ જો પરીક્ષાની તારીખે ઉમેદવારના લગ્ન, પ્રસૂતિ કે અન્ય કોઈ પરીક્ષા હશે તો અલગ તારીખ અપવાનો નિર્ણય કરાયો છે. જેના માટે ઉમેદવારે ૧૨ માર્ચ પહેલા સોગંદનામા અને આધાર-પૂરાવા સાથે રજૂઆત કરવી પડશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મડળ દ્વારા જાહેરાત ક્રમાંક ૨૧૨/૨૦૨૩૨૪ ગુજરાત ગૌણ સેવા ક્લાસ ૩ની ગ્રુપ એ અને બીની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અંતર્ગત કુલ ૫,૫૫૪ જગ્યાઓ પર સીધી ભરતીની જાહેરાત કરાઈ છે. આ માટે ઉમેદવારો પાસેથી ૪ જાન્યુઆરી ૨૦૨૪થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન તારીખ ૧ એપ્રિલ ૨૦૨૪થી ૮ મે ૨૦૨૪ દરમિયાન પ્રતિદિન ચાર સેશનમાં સીબીઆરટી પદ્ધતિથી આયોજન કરવામાં આવી છે. જેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સીસીઈની પરીક્ષાને લઈને મોટો નિર્ણય કરવામાં આવ્યો છે, જે મુજબ આગામી ૧ એપ્રિલ ૨૦૨૪થી ૮ મે ૨૦૨૪ દરમિયાન દરરોજ ૪ સેશનમાં યોજાનારી પરીક્ષાના દિવસે જ ઉમેદવારના લગ્ન, પ્રસૂતિ, કે અન્ય કોઈ પરીક્ષા હશે તો તેમને સીસીઈની પરીક્ષા માટે અલગથી તારીખ અપાશે. જે ઉમેદવારે આ પરીક્ષા માટે ફોર્મ ભર્યું છે તે ઉમેદવારના પરીક્ષાના દિવસે જ લગ્ન હશે તો તેમને સીસીઈ પરીક્ષા માટે અલગથી તારીખ મળી જશે. કોઈ મહિલા ઉમેદવારને પ્રસૂતિની સંભવિત તારીખ પરીક્ષા સમય દરમિયાન હોઈ તેવા કિસ્સામાં પણ પરીક્ષાની અલગ તારીખ મળી શકે છે. આ માટે ઉમેદવારે પૂરાવા અને સોગંદનામા સાથે ૧૨ માર્ચ પહેલાં જ રજૂઆત કરવી પડશે.

## લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ : મતદાન જાગૃતિ અર્થે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લાની પાંચ જીઆઈડીસી એસોશિએશન વચ્ચે સમજૂતી કરાર

ગાંધીનગર,લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪માં ગાંધીનગર જિલ્લાના મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ અને લોકશાહીમાં મતદારો પોતાના મતાધિકારનું મૂલ્ય સમજે તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ વિવિધ સંસ્થાઓ અને ઔધોગિક એકમો સાથે એમ.ઓ.યુ. કરવામાં આવી રહ્યા છે. આજે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જિલ્લાના પાંચ વિવિધ એસોશિએશન સાથે



એમ.ઓ.યુ. સાઈન કર્યા હતા.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને મતદારો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય રીતે સહભાગી થાય, ચૂંટણી પ્રક્રિયા અંગે જરૂરી જાણકારી મેળવે અને મહત્તમ સંખ્યામાં મતદારો મતદાન કરવા પ્રેરાય તેવા ઉમદા આશયથી મતદાર જાગૃત્તિ અંગે વિવિધ કાર્યક્રમો- પ્રવૃત્તિઓ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યા છે. જિલ્લાની જી.આઈ.ડી.સીના એકમોમાં કામ કરતાં વ્યક્તિઓ ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી બને અને તેમના મતનું મૂલ્ય સમજે તેવી જાગૃત્તિ લાવવા માટે જી.આઈ.ડી.સી.ના વિવિધ એસોશિએશન સાથે આજરોજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ એમ.ઓ.યુ. કર્યા હતા. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેએ માણસા ઈન્ડસ્ટ્રીયલ એસોશિએશન, ગાંધીનગર એન્જિનિયરિંગ કોમ્પ્લેક્ષ એસોશિએશન, ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, જી.આઈ.ડી.સી. ઈ.પી.એસઈઝેડ ગાંધીનગર એસોસિએશન અને દહેગામ જીઆઈડીસી મેમ્બર્સ એસોસિએશનના ચેરમેન સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

આ સમજૂતી કરાર થકી ઔદ્યોગિક એકમો અને તેની સાથે સંકળાયેલ કામદારો- શ્રમિકો ચૂંટણી વિષયક તથા મતદાર જાગૃત્તિની પ્રવૃત્તિઓમાં સહભાગી થશે. તેમજ મતદાન કરવા માટે સૌને જાગૃત કરશે.

આ એમ.ઓ.યુ. દરમ્યાન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પાર્થ કોટડિયા, ચૂંટણી વિભાગના મામલતદાર શ્રી ડૉ. આર.કે.પટેલ સહિત વિવિધ એસોસિએશનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## છત્રાલ જી.આઈ.ડી.સી ખાતેની સ્વાગત પ્રોડક્ટ પેઢીમાં રેડ કરતા રૂ. ૭૯ લાખની કિંમતનો ૧૬,૦૦૦ કિ.ગ્રા શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરાયોઃ ખોરાક અને ઔષધ નિયમન કમિશનર ડૉ. એચ.જી.કોશિયા

ગાંધીનગર,

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ગાંધીનગર ટીમ દ્વારા બાતમીના આધારે શંકાસ્પદ પેઢી ખાતે તપાસ હાથ ધરતા ઘીમાં ભેળશેળ થતી હોવાનું ધ્યાને આવતા શંકાસ્પદ ઘીનો રૂ. ૭૯ લાખની કિંમતનો ૧૬,૦૦૦ કિ.ગ્રા જથ્થો જપ્ત કરાયો છે.

વધુમાં જણાવ્યા અનુસાર, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ દ્વારા છત્રાલ જી.આઈ.ડી.સી ખાતેની મે. સ્વાગત પ્રોડક્ટ ખાતે રેડ કરતા ત્યાં ઘી સાથે વનસ્પતિ ઘીના ટીન મળી આવ્યા હતા, જેને ઘીમાં ભેળવીને વેચાણ થતું હોવાની શંકાના આધારે પેઢીના માલિક શ્રી જીગરભાઈ પટેલની હાજરીમાં ઘીના કુલ ૧૫ નમૂના લેવામાં આવ્યા હતા. જ્યારે બાકીનો રૂ. ૭૯ લાખની કિંમતનો ૧૬,૧૫૯ કિ.ગ્રા. જેટલો શંકાસ્પદ ઘીનો જથ્થો સ્થળ ઉપરથી જપ્ત કરવામાં આવ્યો હતો.

આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ બાબતમાં આગળની ઝીણવટ ભરી તપાસ ચાલી રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# પટનામાં રેલીમાં લાલુ પ્રસાદ યાદવે પરિવાર વિશે ટિપ્પણી કરી, પીએમ મોદીએ વળતો પ્રહાર

### પરિવારના સવાલ પર ટિપ્પણીનો જવાબ આપતા PM મોદીએ કહ્યું,"આખો દેશ મારો પરિવાર"

અદિલાબાદ-તેલંગાણા,

